Hemant Shah, President | Pathik Patwari, Sr. Vice President | Sanjeev Chhajer, Vice President | Sachin Patel, Hon. Secretary | Mahesh Puj, Hon. Secretary (R) | Navroz Tarapore, Hon. Treasurer

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨/ 15244

**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સ.ચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

વિ : ગુજરાત રાજ્ય બજેટ-૨૦૨૨-૨૩ માટેના સૂચનો.

આદરણીય મુખ્યમંત્રીશ્રી,

આ સાથે આપશ્રીને આગામી રાજ્ય બજેટ ૨૦૨૨-૨૩ અંગેના અમુક અગત્યના સૂચનો બિડાણ કરીએ છીએ. આ સૂચનો અંગે આગામી રાજ્ય બજેટ-૨૦૨૨-૨૩ માં યોગ્ય જાહેરાત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**હેમંત શાહ**
**પ્રમુખ.**

બિડાણ : ઉપર મુજબ

# Gujarat Chamber of Commerce & Industry

## ગુજરાત રાજ્ય બજેટ -૨૦૨૨-૨૩ માટેના સૂચનો

### A. ફાળવણી અંગેના સૂચનો

**1. MSME માટે નવી ટેક ઓવર સ્કીમની જાહેરાત:**

હાલમાં કોવિડ-૧૯ની મહામારીને કારણે ઘણાં MSME એકમો માંદા થઇ ગયા છે અથવા તો બંધ પડી ગયા છે. આવા માંદા અથવા બંધ પડી ગયેલા એકમોનું જો વ્યવસ્થિત ટેકઓવર થાય તો ખુબજ ઓછા નુકશાન સાથે આ એકમોનો પુનઃ વિકાસ કરી શકાય છે. આવા કિસ્સાઓમાં ખરીદનાર એકમને આર્થિક સહાય આપવામાં આવે તો જ ખરીદનાર એકમો આ માંદા એકમોને ટેક ઓવર કરી શકે. આ માટે રાજ્ય બજેટમાં ૧,000 કરોડની પ્રાથમિક ફાળવણી સાથે Takeover Scheme for sick or closed MSME units ની જાહેરાત કરવી જોઇએ.

**2. નવા ટ્રેનિંગ કોર્સ શરુ કરવા માટે ટ્રેનિંગ સેન્ટર સ્થાપવા માટેની ફાળવણી:**

વેપાર-ઉદ્યોગના ઝડપી વિકાસને ધ્યાને લેતાં ઘણાં નવા ઓનલાઇન કોર્સ શરુ કરવાની જરૂરિયાત છે જેમ કે સાઇબર સિક્યોરીટી, ફાઇનાન્સીયલ લીટરસી, ઇ-કોમર્સ તેમજ IOT. આ નવા કોર્સ અંગેની તાલીમ માટે નવા ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના અંગે બજેટમાં યોગ્ય ફાળવણી કરવાનું અમારું સૂચન છે.

**3. રાજ્યમાં નવા કેમિકેલ ઝોન સ્થાપવા માટેની ફાળવણી**

રાજ્યમાં કેમિકેલ ઉદ્યોગ ક્ષેત્રમાં હજુ ઘણી તકો રહેલ છે અને આ ક્ષેત્રને યોગ્ય પ્રોત્સાહન આપવામાં આવે તો વિશ્વ ફલક પર ગુજરાતને કેમિકેલ હબ તરીકે વિકસાવવી શકાય છે. આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ધોલેરા, ભાવનગર અને ખંભાત ખાતે સાયકા અને દહેજની જેમ GIDC માં કેમીકલ્સ ઝોન સ્થાપીત કરવા માટે આ બજેટમાં યોગ્ય ફાળવણી કરવી જોઇએ. રાજ્ય બજેટ-૨૦૨૧-૨૨ માં ડીપ-સી પાઇપલાઇન પ્રોજેક્ટ માટે ૭૫૮ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટની

કામગીરીનું ત્વરિત અમલીકરણ કરાવવું જોઇએ અને જરૂર જણાય તો આ બજેટમાં વધારાની રકમની ફાળવણી કરવી જોઇએ.

**4. કન્ટેનર બનાવતા એકમોને સહાય માટેની ફાળવણી**

હાલમાં જ્યારે નિકાસ માટે કન્ટેઇનરોની અછત જણાય છે અને તેના ભાવ ખુબજ ઉંચા થઇ ગયા છે ત્યારે ગુજરાતમાં સ્થાનિક ઉદ્યોગો દ્વારા આવા કન્ટેઇનરો બનાવવાની કામગીરીને પ્રોત્સાહન આપવા માટે રૂા.૨૦૦ કરોડની પ્રાથમિક ફાળવણી સાથે આ બજેટમાં પ્રોત્સાહન સ્કીમો જાહેર કરવી જોઇએ.

**5. રાજ્યના હીરા ઉદ્યોગને પ્રોત્સાહન**

ગુજરાતમાં લેબ થકી વિક્સીત (લેબગ્રોન) હીરા ઉદ્યોગના વિકાસ માટે રૂા.૫૦ કરોડની પ્રાથમિક ફાળવણીનું આ બજેટમાં કરવી જોઇએ.

**6. રાજ્યની વિભિન્ન ચેમ્બર ઓફ કોમર્સને અદ્યતન માળખાકીય સુવિધાઓ જેમકે કન્વેનશન સેન્ટર, સેમિનાર રૂમ, એઝીબીશન હોલ વિગેરે વિકસાવવા માટેની ફાળવણી**

રાજ્યના મુખ્ય ચેમ્બર ઓફ કોમર્સ વેપાર-ઉદ્યોગના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે અને રાજ્યના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. આ કામગીરી વધુ સુગમતાથી અને સારી રીતે થઇ શકે તે માટે આ ચેમ્બરો પાસે અદ્યતન માળખાકીય સુવિધાઓ હોવી જરૂરી છે. આ અંગેની જરૂરી સહાય જેમકે ટોકન દરે જમીન વિગેરે મળી રહે તે માટે રાજ્ય બજેટમાં યોગ્ય ફાળવણી કરવા વિનંતી છે.

**7. રાજ્યમાં સ્થપાતા સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ (SSDSP) ને સહાય માટે ફાળવણી**

રાજ્યમાં સોલાર પાવર ને વિકસિત કરવા માટેની ઘણી તક રહેલી છે. આને કારણે છેલ્લા 1-2 વર્ષમાં આ ક્ષેત્રે MSME એકમો દ્વારા ઘણા નાના સોલાર પ્રોજેક્ટ (SSDSP) સ્થાપવા માટે મૂડીરોકાણ

કરવામાં આવ્યું છે. હાલમાં આ રોકાણ લગભગ 1000 કરોડ સુધી પહોંચી ગયું છે. આ એકમોએ ઔદ્યોગિક નીતિ અંતર્ગત કેપિટલ અને વ્યાજ સબસીડી મળી રહેશે તે ગણતરી થી તેમના કુલ ખર્ચનું અંદાજ કાઢ્યું હતું પરંતુ હવે નવી ઔદ્યોગિક નીતિમાં આ સહાય તેમને મળવાપાત્ર થતી નથી જેને કારણે આ સોલાર પ્રોજેક્ટ અટકી ગયા છે. રાજ્ય સરકાર દ્વારા આ બજેટમાં આવા નાના સોલાર પ્રોજેક્ટ (SSDSP) માટેની વૈકલ્પિક સહાય આપવા સારું યોગ્ય ફાળવણી કરવી જોઈએ જેથી રાજ્યમાં આ ક્ષેત્રનો વિકાસ થઇ શકે.

# Gujarat Chamber of Commerce & Industry

**B. વિશિષ્ઠ ઉદ્યોગ ક્ષેત્રો અંગેના સૂચનો**

**1. ટ્રાન્સપોર્ટ ક્ષેત્રને લગતા સૂચનો:**

- ગુજરાત સરકારના ટેક્ષમાં ૨૦/૨૯/૫૬ સીટની દરેક ગાડીઓ ધાર્મિક સામાજીક કંપની તેમજ લગ્ન અને મરણ પ્રસંગમાં ઉપયોગમાં આવતી હોવાથી તેમાં સરકારશ્રી તરફથી ૨૦ સીટ થી માંડીને ૩૩ સીટ મિનિ બસ હોવા છતાં પણ તેનો ડીલક્ષ ગાડીનો ટેક્ષ લેવામાં આવે છે. તેથી ઉપરોક્ત વપરાશમાં આ વાહનોનો ટેક્ષના માધ્યમથી ખર્ચ વધી જતાં હોવાથી તેમાં મધ્યમ વર્ગોના માણસોને વાહનોના ભાવ મોંઘા પડે છે. તેમજ ૫૬ સીટની બસ તદ્દન નીચલા વર્ગથી માંડીને મધ્યમ વર્ગના માણસ ઉપયોગ કરતાં હોવાથી તેના ટેક્ષનું પણ ભારણ ઓછું કરવું જરૂરી છે તો દરેક વર્ગોના માણસોને આ વાહનનો ઉપયોગ સસ્તા દરે કરી શકે.
- જીએસટીના નિયમોમાં નોન એસી ગાડીમાં પણ જીએસટી ભરવો પડતો હોય છે તેના માટે નોન એસી પ્રવાસી વાહનોમાં જીએસટી બાદ કરી દેવાય તો મધ્યમ વર્ગમાં ચાલતા નોનએસી વાહનોના દરમાં રાહત થાય.
- માલની હેરફેર સમયે ઇ-વે બીલમાં કોઇ ભૂલ અથવા ત્રુટિ જણાય તો તે સમયે જીએસટી કાયદાની કલમ-૧૨૯ પ્રમાણે પરિવહન થતા માલ ઉપરના ટેક્ષ જેટલી રકમ જ પેનલ્ટી તરીકે વસુલ કરવી જોઇએ.

**2. કન્સ્ટ્રક્શન ક્ષેત્રને લગતા સૂચનો**

છેલ્લા 6 થી 8 માસમાં બિલ્ડીંગ મટીરીઅલ્સ ઉપરના ભાવો તેમજ મજૂરીના ભાવોમાં 30 થી 40 ટકાનો ભાવ વધારો જોવા મળ્યો છે. પરંતુ સરકારશ્રી સાથેના વિવિધ વિભાગોના કોન્ટ્રાક્ટરો આ ભાવ વધારો કોન્ટ્રાક્ટમાં ઉમેરી ન શકવાને કારણે જુના ભવેજ કામ કઈ રહ્યા છે જે તેમના માટે પોષણક્ષમ

ન હોવાથી તેમને આર્થિક નુકશાન થાય છે. તેથી સરકારશ્રીના કોન્ટ્રાક્ટમાં ભાવ વધારો કરવા અથવા જરૂરી માલસામાનના ભાવ વધારાને સમકક્ષ આર્થિક સહાય મળવી જોઈએ.

**3. હેલ્થકેર ક્ષેત્રના સૂચનો**

ગુજરાત રાજ્યમાં અન્ય દેશોમાંથી ઘણા યાત્રીઓ વેપાર-ઉદ્યોગ, પર્યટન અને તબીબી સારવાર માટે આવતા હોય છે અને રાજ્યમાં મેડિકલ ટુરિઝમ ક્ષેત્રને વિકસિત કરવાની ઘણી તકો રહેલી છે, માટે અમારું સૂચન છે કે રાજ્યમાં વધુ હોસ્પિટલ સ્થપાય તે ઉદ્દેશથી મુખ્ય શહેરોમાં નિયત જગ્યા હોસ્પિટલ માટે ફાળવવી જોઈએ અને ત્યાં હોસ્પિટલ સ્થાપવા માટે 5 વર્ષ માટે ટેક્સ હોલીડે આપવી જોઈએ.

**4. પ્રવાસન ક્ષેત્રના સૂચનો:**

- ગુજરાત રાજ્યમાં થીમ બેજ ટુરિઝમના વધુ પ્રોજેક્ટ અમલમાં મુકાય તે માટે યોગ્ય સહાય યોજના માટે આ બજેટમાં ફાળવણી કરવી જોઈએ.
- ગુજરાતમાં વર્લ્ડ ક્લાસ એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવા માટે આ બજેટમાં યોગ્ય ફાળવણી કરવી જોઈએ.

# Gujarat Chamber of Commerce & Industry

C. સ્ટેમ્પ ડ્યૂટી અંગેના સૂચનો:

- રાજ્ય સરકાર દ્વારા વિવિધ મોર્ગેજ, ગીરો રાખવાના કિસ્સાઓમાં વસુલવામાં આવતી સ્ટેમ્પ ડ્યૂટી અન્ય રાજ્યોની સરખામણીમાં ખુબ ઊંચી છે જેને કારણે જે એકમો પાસે અન્ય રાજ્યોમાં આવા દસ્તાવેજો રેજિસ્ટર કરાવી તે રાજ્યમાં સ્ટેમ્પ ડ્યૂટી ભરવાનો વિકલ્પ ઉપલ્ભધ છે તેઓ અન્ય રાજ્યોમાં ઓછી સ્ટેમ્પ ડ્યૂટી ભરીને દસ્તાવેજ રેજિસ્ટર કરાવી લે છે જેના કારણે આપણા રાજ્યને નાણાકીય નુકશાન થાય છે. આથી સ્ટેમ્પ ડ્યૂટીના દરો ઓછા કરી અન્ય રાજ્યોને સમકક્ષ કરવા જોઈએ.
- બેન્ક મંજુરીમાં વધારાના કિસ્સામાં માત્ર વધારાના કો-લેટરલ ઉપર જ સ્ટેમ્પ ડયુટી થવી જોઇએ.
- રીયલ એસ્ટેટની માંગને વધારવા માટે સ્ટેમ્પ ડયુટીની ચૂકવણી માટે ત્રિમાસિક હપ્તાની સ્કીમ લાગુ કરવી જોઇએ. સ્ટેમ્પ ડયુટી માટે ચૂકવણીની ગેરન્ટી રીયલ એસ્ટેટ અથવા કોઇ પણ બેન્કીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી શકે છે.

# Gujarat Chamber of Commerce & Industry

**D. અન્ય વિકાસલક્ષી સૂચનો**

- આગામી ૧૨ મહિના માટે MSME એકમો પાસેથી ખરીદી કરતા સમયે ખરીદનાર તેની સલામતી માટેના પુરતા ડોક્યુમેન્ટસ લઇ MSME એકમોને ૫૦ ટકા એડવાન્સ પેમેન્ટ સાથે ખરીદી કરવી જોઇએ.
- અમદાવાદના એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) તેમજ મ્યુનિસિપલ સીવેજને ડીપ-સી ડિસ્ચાર્જ લાઈન વડે સમુદ્રમાં ડિસ્ચાર્જ કરવા માટેના પ્રોજેક્ટ અંગેની ફાળવણી અગાઉના રાજ્ય બજેટમાં થયેલ છે પરંતુ આ કામગીરી આગળ વધેલ નથી તેથી ફાળવેલ રકમનો ઉપયોગ કરી આ પ્રોજેક્ટને આગળ વધારવા અને જરૂર હોય તો આ બજેટમાં વધારાની રકમની ફાળવણી કરવા વિનંતી છે.